# બાયડ જિલ્લામાં વિષમ હવામાન-ખેતમજૂરોની અછતથી ઉનાળું વાવેતર વિલંબમાં પડવાની સંભાવના

## વિપરીત હવામાનથી ખેડૂતો ચિંતિત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

રવી સીઝનની ખેતી પૂર્ણ થયા પછી ખેતરોમાં પાક લણનીનો ધમધમાટ શરૂ થયો છે. વહેલું વાવેતર કરનારા ખેડૂતોના ખેતરો ખાલી થયા પછી ઉનાળુ વાવેતરની તૈયારીઓ થઈ પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૨ દિવસથી વાદળછાયું વાતાવરણ છવાયું છે જેના કારણે હવામાનની આજ સ્થિતિ રહી તો આગામી ઉનાળુ વાવેતર વિલંબમાં પડવાની સંભાવના છે. ખેતરોમાં ઘઉં સહિતનો પાક તૈયાર થતાં વાતાવરણ વેરી બન્યું છે. તેમાંય હોળી-ધુળેટીનો તહેવાર નજીક આવતાં ખેતમજૂરો વતનમાં જવા માટે થનગની રહ્યા છે. જેથી ઉનાળુ વાવેતર ઘોંચમાં પડી શકે છે.

હવામાનમાં આવતા અણધાર્યા બદલાવથી ખેડૂતોને ખેતીની પરંપરાગત પદ્ધતિમાં ફેરફાર કરવા પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. ખેતીની દરેક સીઝનમાં વિષમ હવામાન પાક ઉત્પાદનમાં ખેડૂતોને ફટકો આપતું હોય છે. મોંઘુદાટ બિયારણ અને રાસાયણિક ખાતરો પાછળ ખર્ચ કરનારા ખેડૂતોને ખરી સીઝનમાં વાતાવરણ બદલાવથી ધાર્યા કરતાં ઓછા ઉત્પાદનથી સંતોષ માનવો પડતો હોય છે. જિલ્લામાં રવી સીઝન ખેતી પૂર્ણ થઈ ગઈ છે અને ખેતરોમાં ઘઉં, બટાકા, રાયડા સહિતના પાકનું લણની કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. મોટાભાગે ખેડૂતો સિંચાઈની સગવડ ધરાવતા હોવાથી વહેલું વાવેતર કરનારા ખેડૂતોએ ઉતારો લઈ લીધા પછી આગામી ઉનાળુ વાવેતર માટેની તૈયારીઓ આદરી છે. છેલ્લા ૨ દિવસથી વાતાવરણમાં ઓચિંતો બદલાવ આવ્યો છે અને ફરીથી કમોસમી માવઠું વરસે તેવા ચિન્હો આકાશમાં જણાતાં ખેડૂતો ચિંતિત બન્યા છે. ખેતરોમાં પાક ઉપજનો ઉતારો ખેત બજાર કે ઘર સુધી પહોંચાડવા મથામણ કરી રહ્યા છે પરંતુ હોળી-ધુળેટીના તહેવારના લીધે સમયસર ખેતમજૂરો મળતા નથી. ખેતરોમાંથી પાકની લણની થઈ ગયા પછી ઉનાળુ વાવેતરની શરૂઆત થાય તે પહેલાં વાતાવરણ વેરી બનતાં અસંખ્ય ખેડૂતોએ ઉનાળુ વાવેતર ઉપર હાલ રોક લગાવી છે. ટૂંકમાં આજ પ્રકારે હવામાનમાં ખેતી માટે વિષમ પરિસ્થિતિ યથાવત રહી તો આ વર્ષે ઉનાળુ વાવેતર વિલંબથી શરૂ થશે તેવું લાગી રહ્યું છે.

# ડુંગર વિસ્તારમાં નેવાંના પાણી મોભે ચઢાવવા જેવો ઘાટ : સાબરકાંઠા, અરવલ્લીના આદિવાસી વિસ્તારોમાં 'નલ સે જલ' યોજના વિફળ

## જંગલ વિસ્તારના ગામોમાં હેન્ડપંપ એકમાત્ર આધાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વિકસિત ગામોમાં નલ સે જલ યોજના ભલે સફળ રહી હોય પરંતુ અંતરીયાળ આદિવાસી વિસ્તારોમાં આ યોજના વિફળ સાબિત થઈ છે. ડુંગરાળ વિસ્તારોમાં છૂટા છવાયા મકાનોમાં પાઈપલાઈન નાખી નળથી પાણી પહોંચાડવામાં નેવાંનાં પાણી મોભે ચઢાવવા જેવો ઘાટ થયો છે. જંગલ વિસ્તારના ગામડાઓમાં હાલ પણ હેન્ડપંપ એકમાત્ર પીવાના પાણીનો વિકલ્પ બની રહ્યા છે. જિલ્લાના વિજયનગર, પોશીના, ખેરોજ, ખેડબ્રહ્મા, ભિલોડા, મેઘરજ સહિતના આદિવાસી વિસ્તારોમાં છૂટો છવાયો વસવાટ કરતા હજારો પરિવારો માટે નલ સે જલ યોજના ઝાંઝવાના જળ જેવી સાબિત થઈ છે. રાજ્ય સરકાર દ્વારા પ્રત્યેક નાગરિકને નળ દ્વારા પીવાનું શુદ્ધ પાણી મળી રહે તેવા પ્રયાસ થઈ રહ્યા છે. પરંતુ અંતરીયાળ ગામડાઓમાં ભૌગોલિક સ્થિતિ



અનુકુળ ન હોવાથી નળ દ્વારા પાણી પહોંચાડવું મુશ્કેલ બન્યું છે. બંન્ને જિલ્લાના વિકસિત ગામડાઓમાં વહીવટી તંત્ર તેમજ ગ્રામ પંચાયતોના પ્રયાસોથી નલ સે જલ યોજનાને સફળ બનાવવા માટે પ્રયાસ થયા છે જેમાં નળના ગેરકાયદેસર કનેક્શનોની નિયત ફી લઈ આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે પરંતુ જિલ્લાના ઉંડાણના આદિવાસી વિસ્તારોમાં નલ સે જલ યોજનાને સફળ બનાવવામાં અનેક મુશ્કેલીઓ સામે આવી છે. ભૌગોલિક દ્રષ્ટીએ પ્રત્યેક ઘર સુધી પાણીની પાઈપલાઈન નાખી પાણી પહોંચાડવું મુશ્કેલ બાબત બની રહી છે. કેમ કે આદિવાસી વિસ્તારોની મોટાભાગની પ્રજા ડુંગરો ઉપર વસવાટ કરતી હોય છે. ડુંગરના ઢોળાવો તેમજ મોટાભાગના ગામડાઓમાં સંપની વ્યવસ્થાનો સદંતર અભાવ રહ્યો છે જેના કારણે નલ સો જલ યોજના આદિવાસી વિસ્તારો માટે વિફળ સાબિત થઈ છે. જિલ્લાના ડુંગરાળ વિસ્તારોમાં આજે પણ પ્રજાને પીવાનું પાણી મેળવવું હોય તો સીમ શેઢાઓમાં ભટક્યા પછી પાણી મેળવવું પડતું હોય છે તેમાંય અંતરીયાળ વિસ્તારોમાં એકમાત્ર હેન્ડપંપ પીવાના પાણીનો વિકલ્પ બનીને રહ્યા છે.

# સાબરકાંઠા, અરવલ્લીની સસ્તા અનાજની ૮૦૦ દુકાનોમાં સર્વર ઠપ્પ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

શનિવારે ગુજરાત નાગરિક પુરવઠા વિભાગનું ઓનલાઈન સર્વર ખોટકાતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૮૦૦ થી વધુ સસ્તા અનાજની દુકાનોમાં રેશનીંગનો જથ્થો લેવા માટે આવેલા કાર્ડધારકોમાં દેકારો મચી ગયો હતો. અનેકવાર સર્વરના ધાંધિયાના કારણે વારંવાર વિતરણ વ્યવસ્થા ખોરવાઈ પડે છે. તા.૧૩ ના રોજ કાર્ડધારકો અનાજ, ખાંડ, ચોખા, ચણા તેમજ તુવર દાળ સહિતનો જથ્થો લેવા માટે આવ્યા હતા પરંતુ ઓનલાઈન સર્વર અપડેટ ન થતાં કાર્ડધારકો અને દુકાનદારો વચ્ચે એક તબક્કે ઘર્ષણ ઉભું થાય તેવી સ્થિતિ ઉભી થઈ હતી. અગાઉ પણ સર્વર ખોટકાયું હોવાથી વારંવાર કાર્ડધારકોને રેશનીંગના જથ્થાથી વંચિત રહેવાની નોબત આવતાં રોષ વ્યાપ્યો છે.

**જાહેર વિતરણ વ્યવસ્થા ખોરવાઈ : રેશનીંગ કાર્ડધારકોમાં દેકારો**

સરકાર દ્વારા રેશનીંગ કાર્ડધારકોને ફાળવવામાં આવતા અનાજના પુરવઠાનું કાળા બજાર રોકવા માટે ઓનલાઈન સીસ્ટમ શરૂ કરવામાં આવી છે પરંતુ સર્વરના કાયમી ધાંધિયાના કારણે કાર્ડધારકોને પોતાના હક્કના રેશનીંગથી વંચિત રહેવું પડતું હોય છે. હોળી-ધુળેટીના તહેવાર નજીક આવતાં સરકાર દ્વારા રેશનીંગ કાર્ડધારકોને નિયત મર્યાદાનો પુરવઠો સસ્તા અનાજની દુકાનો દ્વારા મળી રહે તે માટે ગોડાઉનમાંથી પુરવઠાનો જથ્થો મોકલવામાં આવ્યો જેમાં તા.૧૩ ના રોજ સવારથી રેશનીંગ કાર્ડધારકો સસ્તા અનાજની દુકાનોમાં પહોંચ્યા હતા પરંતુ ઓનલાઈન સર્વર ખોટકાઈ જતાં વિતરણ વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. ઓનલાઈન પ્રોસેસની પ્રક્રીયા અટકી જતાં સસ્તા અનાજના દુકાનદારો પણ મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા અનેક કાર્ડધારકો પગારની તારીખ પછી રેશનીંગનો જથ્થો ખરીદવા માટે આવ્યા તો ખરા પરંતુ કલાકો સુધી સર્વર અપડેટ થતું ન હોવાથી કાર્ડધારકોમાં હોબાળો મચી ગયો હતો. પ્રયત્ન કરવા છતાં સર્વર ફરીથી કાર્યરત ન થતાં અનેક સસ્તા અનાજના દુકાનદારોએ તો દુકાનોનાં શટર બંધ કરી શનિ-રવિની રજાઓ માણવા માટે રવાના થઈ ગયા હતા. તો કેટલાક વિસ્તારોમાં તો નોકરીના સ્થળેથી વતનમાં કાર્ડલઈને પુરવઠો ખરીદવા માટે આવેલા જરૂરીયાતમંદોને રેશનીંગના જથ્થાથી વંચિત રહેવું પડ્યું હતું.

# પ્રાંતિજ પોલીસે મોયદ ગામેથી ત્રણ લિટર દેશી દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદ ગામેથી પ્રાંતિજ પોલીસે ત્રણ લિટર દારૂ સાથે એક ઈસમ ને ઝડપી પાડયો હતો અને તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાંતિજ પોલીસે પ્રાંતિજના મોયદ ગામ બાજુ પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન મોયદ ગામમાં પ્રવેશ કરતા ખાનગી રાહે બાતમી મળી હતી કે મોયદના રૂપાજી ખાતે આવેલ ઘરની આગળ ખુલ્લી જગ્યામા એક ઈસમ દ્વારા દેશી દારૂ નું વેચાણ થતું હોવાની બાતમી મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા મોયદના રૂપાજી ગામે બાતમી મળેલ જગ્યાએ જઈને તપાસ કરતાં મોયદના રૂપાજી ગામમાં રહેતાં સુજીત કુમાર રમેશભાઈ મીર રહે. મોયદ રૂપાજી તા. પ્રાંતિજ જી. સાબરકાંઠા દ્વારા પોતાના ઘરની અંદરથી પ્લાસ્ટિકના કેનમાં વગર પાસ પરમીટ વગર દેશી દારૂ ત્રણ લિટર જેની કિંમત રૂપિયા-૬૦ જે વેચાણ કરવા માટે રાખેલ હોય પોલીસ રેઈડ દરમ્યાન મળી આવતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૬૫ એ-એ મુજબ ગુનોનોધી અટકાયત કરી તેની સામે કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.

# પ્રાંતિજ ખાતે મફત નિદાન કેમ્પ યોજાયો



પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મફત નિદાન કેમ્પ યોજાયો જેમા પ્રાંતિજ સહિત તાલુકામાંથી લોકોએ કેમ્પ નો લાભ લીધો.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ગાયત્રી હોસ્પિટલ ખાતે આજે ગાયત્રી હોસ્પિટલ અને પ્રાંતિજ જાયન્ટસ ગૃપ ના સહયોગ થી મફત નિદાન કેમ્પનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા સ્ત્રીરોગ અને ચામડી ના રોગોના દર્દીઓને મફત નિદાન કરવામા આવ્યુ હતુ તો પ્રાંતિજ સહિત તાલુકામાંથી લોકોએ કેમ્પ નો લાભ લીધો હતો તો સ્ત્રી રોગ ના નિષ્ણાત ડૉકટર એન.કે.ડેરીના અને ચામડી તથા ગુપ્ત રોગ ના નિષ્ણાત ડૉકટર અર્પિતાબેન પટેલ આવેલ દર્દીઓને તપાસવામા આવ્યા હતા અને દર્દીઓને જરૂરીયાત મુજબ માર્ગ દર્શન પુરૂ પાડયુ હતુ તો આ પ્રસંગે જાયન્ટસ ગૃપ ના પ્રમુખ ડૉકટર કેયુરભાઈ પ્રજાપતિ , જાયન્ટસ મંત્રી હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ સહિત જાયન્ટસ સભ્યો ઉપસ્થિત રહ્યા તો પ્રાંતિજ સહિત તાલુકાના દર્દીઓએને મફત નિદાન સારવાર ઘર આગણે સેવા મળી રહેતા ખુશી જોવા મળી હતી.

# પ્રાંતિજ પોલીસે દ્વાર પાર વિનાના એટીએમ ઉપર દ્વારપાલ રાખવા બેંકોને લેખિતમાં જાણ કરી

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ દ્વાર પાર વિનાના એટીએમો ઉપર દ્વાર પાર રાખવામા આવે તે માટે બેંકોને લેખિતમાં જાણ કરી.

ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામા કેટલીય જગ્યાઓ ઉપર મોટા ભાગે દ્વાર પાર વિનાના એટીએમો તૂટયા છે અને દ્વાર પાર વિનાના એટીએમો ઉપરજ તસ્કરો એ મોટા ભાગે હાથ અજમાવ્યો છે અને આવા દ્વાર પાર વિનાના એટીએમો તૂટવાના કિસ્સાઓ અવરનવર પ્રકાશ મા આવે છે ત્યારે તાજેતરમાં જ પ્રાંતિજ ખાતે આવેલ એક્સિસ બેંક નુ એટીએમ પણ રાત્રીના સમયે અજાણ્યા તસ્કરો દ્વારા ગેસ કટર લઈને આવીને તોડવાનો પ્રયત્ન કર્યો હતો પણ તસ્કરો ને સફળતા મળી નહતી ત્યારે પ્રાંતિજ મા દ્વાર પાર વગર ના એટીએમો તૂટવા ના




બનાવો બન્યા છે અને દ્વાર પાર વિના ના એટીએમ ઉપર લાગેલા સીસી કેમેરા તોડી કે કલર નો સ્પે મારી એટીએમ તોડીને ચોરી ના કિસ્સાઓ પ્રકાશ મા આવ્યા છે ત્યારે પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઈ પીઆઈ.એલ.વાઘેલા દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ દ્વાર પાર વિનાના એટીએમ નો તૂટવા ની ઘટના ફરી ના બને તે માટે પોલીસ વ્યવસ્થા તથા રાત્રી નુ પેટ્રોલીંગ ફુલ કર્યુ છે પણ એટીએમ ઉપર જો દ્વાર પાર હોય એટીએમ તૂટવા ની ઘટના ફરી ના બને તે માટે જે એટીએમ દ્વાર પાર વિનાના છે તેવી બેંકો ને પ્રાંતિજ પોલીસ દ્વારા લેખિતમા જાણ કરવામા આવી છે અને તાત્કાલિક અસર થી ગાર્ડ રાખવા આવે અન્યથા કોઈ બનાવ બનશે તો તેની જવાબદારી જે તે બેંક મેનેજર ની રહશે તેવુ પ્રાંતિજ પોલીસ દ્વારા દ્વાર પાર વિનાના એટીએમ ના બેંકોને જાણ કરવામા આવી છે ત્યારે મોટા ભાગે રાત્રીના સમયે દ્વાર પાર વિનાના એટીએમ તૂટતા હોય છે અને બેંકો માત્ર સીસીટીવી ના સહારે મુકીને સુઇ જતી હોય છે પણ જો જે તે એટીએમ ઉપર બેંકો દ્વારા ગાર્ડ રાખવામા આવેતો કોઇ એક વ્યકિત ને રોજીરોટી પણ મળી રહેશે અને સીસીટીવી કેમેરા ની સાથે એટીએમ ઉપર ગાર્ડ ને લઈ ને એટીએમો વધુ સુરક્ષિત થશે.

# જુનાડીસા નાઈટ ટુર્નામેન્ટમાં ચામુંડા ઈલેવનનો વિજય



ડીસા, તા. ૧૩

ડીસા તાલુકાના જુનાડીસા ગામે ૧૭ વર્ષના લાંબા અંતરાલ બાદ નાઈટ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેને પ્રચંડ જન સમર્થન સાંપડ્યું છે.૬૪ ટિમો વચ્ચે ખેલાતા રોમાંચક મુકબલાનો ક્રિકેટ પ્રેમી જનતા મોડી રાત સુધી નિજાનંદ માણે છે. ગત રોજ જુનાડીસા ચામુંડા ઈલેવન અને વડાવળની ટિમ વચ્ચે રમાયેલ લીગ મેચમાં ચામુંડા ઈલેવનના આશાસ્પદ ક્રિકેટર સુરેશ ઉર્ફે પોલાર્ડ અને દિપક ઉર્ફે લારાએ રીતસરની રનોની આતશબાજી કરી હતી. જેથી દર્શકો ઝૂમી ઉઠ્યા હતા. બંને વચ્ચે ૧૧૪ રનની વિક્રમી ભાગીદારીના લીધે ચામુંડા ઈલેવને આ મેચ ૧૦ વિકેટે જીતી ફાઈનલ તરફ મક્કમપણે પ્રયાણ કર્યું હતું.એક એકથી ચડિયાતી ટિમો વચ્ચે ખરાખરીના જંગથી ટુર્નામેન્ટે પંથકમાં અનેરું આકર્ષણ જમાવ્યું છે. તેમાં પણ દુધિયા રોશની, લાઈવ કોમેન્ટ્રી અને અફલાતૂન આયોજનથી દર્શકો આફ્રિન પોકારી ઉઠે છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની પ્રા. શાળાઓમાં નવી ફાયર પૉલીસીના નિયમો અને માર્ગદર્શનનો અમલ કરવા તાકીદ કરાઈ

બાયડ, હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૩

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાના સહિત સમગ્ર રાજ્યભરની શાળાઓમાં school safety policy 2016 ની જોગવાઈ હાલ અમલમાં છે જે અન્વયે દરેક શાળાઓમાં આ સલામતી વિષય આવશ્યક બાબતો સુવિધા યોગ્ય રીતે અને પૂરતી માત્રામાં ઉપલબ્ધ હોવી પણ જરૂરી છે જેમાં શાળામાં ફાયરસેફ્ટી વિષય બાબતને ધ્યાને લેતા શાળામાં આવશ્યક સેફ્ટીની સુવિધા હોય તે અત્યંત જરૂરી બન્યું છે ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓની મુલાકાત દરમિયાન તેમજ વારંવાર શિક્ષણ વિભાગને મળતી રજૂઆતો અન્વયે ઘણી શાળાઓમાં ફાયર સેફ્ટીની આવશ્યક બાબતો ની સુવિધા ઉપલબ્ધ હોતી નથી અથવા તો અપૂરતી હોય છે અથવા તો કાર્યમાં જ હોતી નથી તેવું પણ જાણવા મળેલ છે આ બાબતે અવારનવાર શિક્ષણ વિભાગની કચેરી દ્વારા રજૂઆતો થતી હોય છે

ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન પણ દાખલ કરવામાં આવી હતી જે અન્વયે જિલ્લાની તમામ શાળાઓમાં સેફ્ટીની આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સુચના આપવામાં આવી હતી જેમાં ગુજરાત ફાયર પ્રિવેન્શન અને લાઈવ safety regulation 2016 ની જોગવાઈઓ મુજબ સાબરકાંઠા અરવલ્લી જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓએ ફાયર સેફ્ટીની ફાયર એનએસસી ઈક્વિટી બાબતે જરૂરી સૂચનાઓ ની અમલવારી ફરજિયાત કરવાની રહેશે

- શાળામાં પ્રતિ ૩૦ વિદ્યાર્થીઓએ અગ્નિશામક હોવા જરૂરી, જો શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય અને વર્ગખંડ વધુ હોય તો પ્રતિ ૫ મીટરે અગ્નિશામક રાખવા પડશે
- શાળામાં MCB અને ELCB લગાવેલ ઈલેક્ટ્રીફિકેશન ફરજિયાત અને ફાયર સેફટી અંગેનું સક્ષમ અધિકારીનું ફાયર એન.ઓ.સી ફરજિયાત કરાયું
- ફાયર noc - એન.ઓ.સી ની નકલ શાળાના બુલેટિન બોર્ડ માં ફરજિયાત પ્રદર્શિત કરવાની રહેશે

સરકારી, ગ્રાન્ટેડ, બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓને ફાયર સેફ્ટી અંગે માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવી

(૧) શાળામાં પ્રતિ ૩૦ વિદ્યાર્થીએ Extinguisher (અગ્નિશામક) હોવા આવશ્યક છે

(૨) જો શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછામાં ઓછી હોય અને વર્ગખંડ વધુ હોય તો પ્રતિ ૫ મીટરે Fire Extinguisher (અગ્નિશામક) હોવા આવશ્યક છે

(૩) જો શાળામાં એક કરતાં વધુ માળ હોય તો ઉક્ત (૧) અને (૨) મુજબ દરેક માળ પર Fire Extinguisher (અગ્નિશામક) હોવા આવશ્યક છે

(૪) શાળામાં તમામ ફાયર અગ્નિશામક હોવા જરૂરી છે આ માટે નિયમિત સમય રીપેરીંગ કરાવવા તેમજ નિયમ અગ્નિશામક મરામત સર્વિસ કરાવવાની રહેશે

(૫) શાળામાં જ્વલનશીલ પદાર્થો રાખવા નહીં અથવા તો જરૂરી પદાર્થો (સાયન્સ લેબ માટે જરૂરી) સલામતીથી રાખવા પડશે

(૬) શાળામાં ઈલેક્ટ્રિક શોર્ટ - સર્કિટ થાય નહીં તે માટે શાળાનું ઈલેક્ટ્રીફિકેશન અધ્યતન હોવું જરૂરી છે

(૭) શાળામાં ફરજિયાત એમસીબી અને ઈએલસીબી લગાવેલ ઈલેક્ટ્રીશન હોવું પણ ખૂબ જરૂરી છે

(૮) શાળા માં ખુલ્લા વીજ વાયર દૂર કરવા અને હેવી લાઈન શાળામાંથી પસાર થતી હોય તો તે પણ દુર કરાવવાની રહેશે

(૯) શાળા પરિસરમાં લે શાળાની બાજુમાં વીજ ટ્રાન્સફોર્મર હોય તો તે દૂર કરાવવા પડશે

(૧૦) શાળા પાસેથી ફાયરસેફ્ટી અંગેનું સક્ષમ અધિકારીનું ફાયર એન.ઓ.સી હોવું ફરજીયાત છે

(૧૧) જો ફાયર noc હોય અને તે રિન્યુ કરવાનું થતું હોય તો તાત્કાલિક ન્યુ કરાવવું પડશે

(૧૨) ફાયર હૅષ્ઠ - એન.ઓ.સી ની નકલ શાળાના બુલેટિન બોર્ડ માં પ્રદર્શિત કરવાની રહેશે


(૧૩) જે શાળાઓને ફાયર એન.ઓ.સી મેળવવાનું થતું હોય તેમણે રિજિયોનલ ફાયર ઓફિસર ફાયર સ્ટેશન સેકટર - ૨૨ ગાંધીનગર ને ફાયર noc મેળવવા અરજી કરવાની રહેશે

સાબરકાંઠા અરવલ્લી જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ, બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓને શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલા તારીખ ૧૨ ૩ ૨૦૨૦ ના પરિપત્ર મુજબ પ્રાથમિક શાળાઓમાં બિન ચૂક ફાયર સેફ્ટીની બાબતો સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની રહેશે અને જો કોઈ શાળા બેદરકારી દાખલ સી અને શાળા મુલાકાત દરમિયાનપરિપત્ર માં જણાવેલ સૂચનાઓનું પાલન થયેલું જોવા નહીં મળે તો તેમ જ કોઈ બનાવ બનશે ત્યારે આવી શાળાઓ વિરુદ્ધ કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## ગાંભોઈ મહિલા પોલીસની ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન...

ગાંભોઈ, તા.૧૩

સાબરકાંઠા જિલ્લામાં પોકેટ કૉપની મદદથી 'ઈગુજકૉપ' પ્રોજેક્ટ અંતર્ગત ઓનલાઈન કામગીરી દ્વારા




ગુનાના ભેદ ઉકેલવાની કામગીરી બદલ ફેબ્રુઆરી ૨૦૨૧ માસમાં જિલ્લામાં કુલ ૫૨ બાઈક ચોરીના ગુના ઉકેલવામાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ મહિલા પોલીસ કર્મીઓનું સન્માન કરવાના કાર્યક્રમના ભાગરૂપે ગાંભોઇ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા પોલીસ કર્મી પલ્લવીબેન નાગજીભાઈનું 'કૉપ ઓફ ધી મન્થ' તરીકે જિલ્લા પોલીસવડા નિરજકુમાર બડગુજર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.



હેમચંદ્રાચાર્ય ઉત્તરગુજરાત યુનિ.પાટણ મુકામે યુનિ.ના શા.શિ વિભાગમાં ડાયરેકટર તરીકે નિયુક્ત થયેલા ડૉ.ચિરાગભાઈ પટેલ સાહેબની અધ્યાપક કલ્યાણ મંડળના પ્રમુખ રંગુસિંહ સોલંકી મંત્રી અજીતસિંહ ઠાકોર ઉપપ્રમુખ રમેશભાઈ બોડાત સહમંત્રી ડી.કે.ધનુલા ખજાનચી મેહુલભાઈ પટેલ સાથે આજ રોજ શુભેચ્છા મુલાકાત લઈ ને બુકે તેમજ શાલ ઓઢાડી સર નુસન્માન કરીને બધાજ કારોબારી સભ્યો એ શુભેચ્છાઓ પાઠવી હર્ષની લાગણી વ્યકત કરી.

# કચ્છ કડવા પાટીદાર સમાજના મુખપત્ર પાટીદાર સંદેશે અનોખો વિક્રમ નોંધાયો

## ૪૦ મિત્રોએ સ્થાપેલી સંસ્થા વિશ્વવ્યાપી બની... : વર્લ્ડ રેકોર્ડ ઓફ ઇન્ડિયા દ્વારા પ્રમાણપત્ર અને મેડલ એનાયત કરાયો...

ગાંભોઈ, તા.૧૩

વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા અમદાવાદ ખાતે આણંદ રોડ પર તાજેતરમાં એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પાટીદાર સંદેશના મુખ્ય તંત્રી શામજીભાઈ પટેલ અને તંત્રી કરમશીભાઈ પટેલને પાવનકુમાર હસ્તે પ્રમાણપત્ર અને મેડલ એનાયત કરાયો હતો. આ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

૧૯૮૦માં સમાન વિચારો ધરાવતા ૪૦મિત્રોની એકઠા થઈ ટ્રસ્ટ બનાવીને કચ્છ કડવા પાટીદાર સમાજના સમાચાર માટે અખબાર શરૂ કરવા 'ઓલ ઈન્ડિયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટી' ઊભી કરી હતી. ૧૦એપ્રિલ ૧૯૮૧ના દિવસે પાટીદાર સંદેશનો પ્રથમ અંક બહાર પડયો હતો. જેનો આ મહિને ૪૮૦માં અંકનું અનાવરણ કરી પ્રસિદ્ધ કરાયું હતું. જે ભારતનો એક




અનોખો વિક્રમ બની ગયો છે. ગુજરાતમાં વિવિધ આફતો વચ્ચે પણ પાટીદાર સંદેશની નકલ દર મહિનાની ૧૦ તારીખે નિયમિત પ્રકાશિત થતી રહી છે. પાટીદાર સંદેશનો ઉદ્દેશ ભેળસેળ વિવાદ વિનાના જ્ઞાતિના સમાચાર, કન્યા કેળવણી, સમૂહ લગ્ન, અંધશ્રદ્ધા અને વ્યસન નિવારણ, સાદગીથી લગ્નના સમાચાર છાપી વૈચારિક ક્રાંતિ લાવવાનો છે. શરૂઆતમાં રૂ.૧૦૦ના આજીવન લવાજમથી શરૂ થયેલ અંક આર્થિક ખર્ચ વધતા હાલ રૂ.૧૦૦૦ આજીવન લવાજમ લેવાય છે. પ્રારંભમાં ચાર પાનાથી શરૂ થયેલ પાટીદાર સંદેશ હાલ ૬૦ પાનાનું પ્રકાશન કરી રહ્યુંછે. માસિક ૮ લાખના ખર્ચ સાથે છપાઈ તૈયાર થતા અંકોના હાલ ૨૩,૫૦૦ ગ્રાહકો વાચકો બન્યા છે. સંપૂર્ણ ખર્ચ જાહેરાતો દ્વારા મેળવવામાં આવે છે. અને કોઈપણ પ્રકારનું દાન લેવામાં આવતું નથી. વિશ્વમાં અમેરિકા, યુકે, દક્ષિણ આફ્રિકા, કેનેડા, કેન્યા જેવા ૫૦ જેટલા દેશમાં કચ્છ કડવા પરિવારો વસે છે. ગુજરાતમાં અનેક તુફાનો આવ્યા, કુદરતી આફતો, ભૂકંપ, પૂર, કોરોના જેવા વિઘ્નો પણ આવ્યા આમ છતાં પાટીદાર સંદેશની નકલ દર મહીનાની ૧૦ તારીખે ગમેતે ભોગે પ્રકાશન થતું રહે છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી ડૉ.એ. આર. પટેલ (ગાંધીનગર), ઉપપ્રમુખશ્રી ડાહ્યાભાઈ પટેલ, સી.એ.આર.એન.પટેલ (નરોડા), વસંતલાલ પટેલ (સતના), મંત્રીશ્રી ઈશ્વરભાઈ ભગત (નખત્રાણા), ડૉ. આર.એસ.પટેલ (હિંમતનગર), લખમસીભાઈ પટેલ (વટવા), મણીભાઈ પટેલ (અમદાવાદ), ડૉ.બી.આર. પટેલ (મુંબઈ) સહિત સંસ્થાના સ્થાપક એવા ૧૫ મુખ્ય સભ્યો હાજર રહ્યા હતા.